# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૮ તા.૩૧-૦૧-૨૦૨૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય : સ્વ–રક્ષણ તાલીમના ઓનલાઈન મોનિટરીંગની કામગીરી બાબત.**

**સંદર્ભ : રાજય કચેરીના પત્ર ક્રમાંક : સમગ્ર શિક્ષા/ગ.એ/સ્વ.તા./૨૦૨૪–૨૫–(૩)/૫૦૪૬–૫૧૧૬ તા.૩૧/૦૧/૨૦૨૫ અન્વયે.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તમામ સરકારી ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તેમજ પીએમશ્રી શાળાઓની ધો–૬ થી ૧૨ની કન્યાઓને સ્વ–રક્ષણ તાલીમ મળી રહે તે અંગેનું આયોજન કરવાવામાં આવેલ છે. રાણી લક્ષ્મીબાઈ આત્મરક્ષા પ્રશિક્ષણ તાલીમના મોનિટરીંગ માટે રાજયકક્ષાએથી ઓનલાઈન મોનિટરીંગ પોર્ટલ તૈયાર કરવામાં આવેલ. આ માટે રાજય કચેરીએના પત્ર ક્રમાંક નં. સમગ્ર શિક્ષા/ ગ.એ/ સ્વ.તા./૨૦૨૪–૨૫/૨૧–(૩)/૫૬૭૯૭–૮૬૯ તા.૦૪.૧૨.૨૦૨૪ થી માર્ગદર્શક પત્રમાં સૂચનાઓ પણ મોકલાવેલ છે. પરંતુ શાળાકક્ષાએ મુખ્ય શિક્ષકશ્રી ધ્વારા શાળામાં તાલીમ શરૂ થઈ ગયેલ હોવા છતા પોર્ટલ પર એન્ટ્રી ઓછા પ્રમાણમાં થયેલ છે. જેથી આ બાબતે સત્વરે એસએસએ ssagujarat.org પોર્ટલ પર એન્ટ્રી પુર્ણ કરાવવી.

વધુમાં નાણાંકીય વર્ષ પૂર્ણ થવામાં છે. જેથી ૩૬ (છત્રીસ) સેશનની કામગીરી પણ સત્વરે પૂર્ણ કરાવી તેની એન્ટ્રી તેમજ ચૂકવણું યોગ્ય રીતે થાય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

તા.૩૧-૦૧-૨૦૨૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી